## જન્મદિને વધામણી



શ્રદ્ધાબેન ડી પટેલ
મો. ૯૬૨૮૧ ૨૯૨૪૧



નિસર્ગ વાય શુક્લ
મો. ૮૦૦૦૦ ૪૧૮૦૭



જય જે પટેલ

# સાહિત્ય સભામાં સ્વરચિત કાવ્ય-લઘુકથા પઠનના કાર્યક્રમમાં શહેરના સર્જકો ખીલ્યા



ગાંધીનગર, ૧૦

છેલ્લાં ૨૦ વર્ષથી દર માસના બીજા રવિવારે અચૂક મળતી ગાંધીનગર સાહિત્ય સભાની આ માસની બેઠક ઉપપ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષસ્થાને મળી હતી.

આ સાહિત્ય બેઠકમાં શહેરના સર્જકોની સ્વરચિત કાવ્ય-ગઝલ-ગીત અને લઘુકથા પઠનનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. ઉપરાંત ભાલચંદ્ર કાજરેકર અને નટુ ગજ્જર દ્વારા હાલમાં જ પ્રકાશિત થયેલાં પુસ્તકો વિશે તેમના દ્વારા છણાવટ કરવામાં આવી હતી.

મંગળદાસ પટેલ, કવિ મુલાંકી, સુમન શાહ, ભીખુ કવિ, અજિતસિંહ ભટ્ટી, ભર્ગદેવ ભટ્ટ, જીતેન્દ્ર વ્યાસ, મૂળજી પરમાર, નટવર હેડાઉ, અંબાલાલ પટેલ, ગુલાબચંદ પટેલ સહિત અન્ય સર્જકોએ પોતાનાં કાવ્યોનું પઠન કર્યું હતું.

સંસ્થાના મંત્રી સંજય થોરાતે પોતાની માઈક્રોફિક્શન વાર્તા 'ગોરખપુર એક્સપ્રેસ' રજૂ કરી હતી. સાંપ્રત સમયને આવરતી આ વાર્તાને સૌએ વધાવી હતી. શહેરના સર્જકોને પ્રોત્સાહિત કરતી આ સ્વરચિત પઠનની બેઠકને સૌ સર્જકોએ મોજથી માણી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાતી સાહિત્યને સર્જનાત્મક બનાવતી સાહિત્ય સભાની આવી પ્રવૃત્તિઓથી અનેક નવા સર્જકોને પ્લૅટફૉર્મ મળે છે.

# ખુલ્લા પગે ૭૬ કિમી દોડ સફળતાપૂર્વક પૂર્ણ કરી




દર વર્ષની જેમ ૮મી એપ્રિલે વિશ્વના વિવિધ દેશોમાં ઈન્ટરનૅશનલ બૅરફૂટ રનિંગ ડે ઉજવાય છે. અમદાવાદમાં છેલ્લાં ત્રણ વર્ષથી આ દોડ યોજવામાં આવે છે.

આ ક્રમમાં આ વખતે અમદાવાદમાં સંપૂર્ણ રિંગ રોડ ઉપર ૭૬ કિમી અંતરની આ દોડ યોજવામાં આવી હતી. સાંજે ૭ વાગે શરૂ થયેલી આ દોડ ૧૩ કલાકે પૂર્ણ થઈ હતી. ગાંધીનગરના ચાર દોડવીર - રમેશબાબુ ગટ્ટુ, દિલીપ શર્મા, વિરલ પટેલ અને દેવાંગ ચંદાત્રેએ ખુલ્લા પગે દોડ લગાવી બાર કલાકથી ઓછા સમયમાં આ અત્યંત કપરી એવી દોડ પૂર્ણ કરી બતાવી હતી. ચારેય દોડવીરોને 'ધ લૉર્ડ ઑફ ધી રિંગ રોડ' ઍવોર્ડથી સન્માનિત કરાયા હતા.

મજાની વાત એ હતી કે આ દોડ ફ્રીમાં આયોજિત કરવામાં આવી હતી. એકલવ્ય ઍકેડેમીએ પોતાની સેવાઓ આ માટે આપી હતી. દોડવીરો સાથે રિફ્રેશમેન્ટની કાર પણ સતત દોડતી રહી હતી.

ખુલ્લા પગે દોડાતી આ ૭૬ કિમી અલ્ટ્રા મેરેથોનમાં ભાગ લેવો અને દોડ પૂર્ણ કરવી એ જ એક મોટો ઍવોર્ડ માનવામાં આવે છે, જેની ઉપલબ્ધિ બદલ ગાંધીનગર રનર્સ ગૃપ દ્વારા બૅરફૂટ રનર્સને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ડાયરેક્ટ ❤ સે

ખિસ્સામાં
જરાક કાણું શું પડ્યું...
સિક્કાથી વધારે તો
સંબંધો પડવા માંડ્યા...

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
બાહુબલિ
૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
મિર્ઝા જુલિયટ
સવારે ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
લલ્લી કી શાદી મેં લડ્ડુ દિવાના
૧.૦૦

**સ્ક્રીન-૫**
મિર્ઝા જુલિયટ
૧૨.૩૦
નામ શબાના
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫




ગુજરાત પોલો કપના અંતિમ દિવસનો દબદબાભેર પ્રારંભ થયો હતો. ગુજરાત પોલો કપના અંતિમ દિવસે મુખ્યમહેમાન પદે બોલીવુડ સ્ટાર નવાબ સૈફ અલી ખાન અનોખા અંદાજ સાથે હાજર રહ્યા, સાથે જ અભિનેત્રી ક્રિતી સેનન પણ પધારી ગુજરાત પોલો કપના પ્લેયરની સાથે પ્રેક્ષકોનો પણ ઉત્સાહ વધાર્યો હતો. કલાનગરીની કલારસિક જનતાને સિંગર શૈફાલી અલવારિસે હિન્દી અને ઈંગલિશ ગીત ગાઈને ડોલાવ્યા હતા.

ક્રિતી સેનનની એન્ટ્રી અશ્વ પર શાહી સવારીમાં હતી અને દર્શકોનું અભિવાદન ઝીલ્યું હતું ખાસ આ તકે કીર્તિ સેનનના ફિલ્મો ગીતોએ ધૂમ મચાવી હતી. ખાસ તેણે કહ્યું કે આ પ્રકારની એન્ટ્રી મારી લાઈફ માં પેહલી વાર રહી છે. પોલો ને જોવા માટે આટલા બધા પ્રેક્ષકો હાજર છે તે જોઈને હું દંગ રહી ગઈ છું.

બોલિવૂડ નવાબ સૈફ અલી ખાનની ભવ્ય એન્ટ્રી જીપ્સી કારમાં થઈ સાથેજ સુપર બાઈક પણ જોડાઈ હતી આ સમયે ભાવનગર યુવરાજ જયવીરરાજસિંહજી એડિશનલ જનરલ પોલીસ સહીત અનેક મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહી કાર્યક્રમ દરમિયાન. દસ હજારથી વધુ પ્રેક્ષકો પોલોની મેચ નિહાળવા હાજર રહ્યા હતા અને એક વિક્રમ સર્જ્યો છે પોલોની મેચ માટે. પોલો એક એવી રમત જે ખડતલ અને હિમંતવાન બનાવે છે સાથે જ ત્વરિત નિર્ણય શક્તિ આ રમત નો રાજા ગણાતી પોલો કેળવે છે.આ રમત ને લોકો નજીક થી ઓળખે અને તેના વિષે બાળકો થી લઈ મહિલાઓ અને વૃદ્ધોને પણ આકર્ષણ જગાવે તે માટે તેનું આયોજન ચેમ્પિયન પોલો લીગના સ્થાપક ચિરાગ પારેખ દ્વારા ભાવનગરમાં આયોજન કરાયું.આયોજનના ત્રણેય દિવસ પોલોના જાંબાજ ખેલાડીઓએ ખરાખરીનો જંગ જવાહર મેદાનમાં પોલો માટે રમ્યા તેમજ બોલિવૂડની વિવિધ હસ્તીઓએ મનોરંજન પીરસ્યું અને ગુજરાત પોલો કપે ભાવનગરને પોલોત્સવ બનાવી દીધું. પોલો ની ફાઈનલ મેચની સાથે જ ચિરાગ પારેખ અને તેમની દીકરી દ્વારા પોલોની એક્ઝિબિશન મેચ પણ રમી દર્શકોનો ઉત્સાહ વધાર્યો હતો.

એક્ઝિબિશન પોલો મેચમાં બશીર અલી, જયવીરસિંહ, રોહન સંદેશા, સાનિયા સુહાગ, એશ્લી પારેખ, શ્યામ મહેતા, સિમરનસિંઘ શેરગિલ, ચિરાગ પારેખ વગેરે ખેલાડીઓએ ભાગ લીધો હતો.

# ગુજ. યુનિ. સંલગ્ન મહાવિદ્યાલયોમાં સેમેસ્ટર- ૬ની પરીક્ષાઓનો પ્રારંભ

## ૫૦ હજારથી વધારે વિદ્યાર્થીઓ સામેલ : પરીક્ષા જૂન માસ સુધી ચાલશે : નિરીક્ષકો નહીં મળવાની રાવ

ગાંધીનગર, ૧૦

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ કોલેજોમાં આજથી પહેલા તબક્કામાં સેમેસ્ટર ૬ની પરીક્ષાનો પ્રારંભ થયો છે. આ પરીક્ષાઓમાં અંદાજે ૫૦ હજારથી વધારે વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.

આ પરીક્ષામાં કૉલેજોમાં ફરજ બજાવતા પ્રોફેસરો દ્વારા સિનિયર સુપરવિઝન અને ઓબ્ઝર્વર તરીકેની કામગીરી કરાશે. પરંતુ પરીક્ષા ખંડમાં નિરીક્ષક તરીકે ઊભા રાખવા કોલેજ દ્વારા જાતે બહારથી માણસો બોલાવવા પડે છે. આશ્ચર્યની વાત એ કે યુનિવર્સિટી દ્વારા દર ત્રણ વર્ષે નિરીક્ષક તરીકે આવતા વ્યકિતઓનાં ભથ્થાં વધારવાનો નિર્ણય કર્યો હતો છતાં હજુ સુધી પરીક્ષાદીઠ ૧૦૦ રૂપિયા અપાતા મોટાભાગની કોલજોને નિરીક્ષકો મળતાં ન હોવાની ફરિયાદ ઊઠવા પામી છે.

યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષામાં વર્ગ નિરીક્ષક તરીકે કોને રાખવા તે અંગે કોઈ ધારાધોરણો નથી. જે વ્યકિત નિરીક્ષક તરીકે રાખવામાં આવે તેને ત્રણ કલાકના ૧૦૦ રૂપિયા અને ૬ કલાકના ૨૦૦ રૂપિયા મહેનતાણું આપવામાં આવે છે. કોલેજના પ્રિન્સિપાલ કહે છે હાલમાં મજૂરીએ જતાં વ્યકિતને ૪૦૦થી ૫૦૦ રૂપિયા વેતન ચૂકવવામાં આવે છે. પણ ગ્રેજ્યુએટ વર્ગ નિરીક્ષકોને ૧૦૦ રૂપિયા મળતાં હોવાથી કોઈ તૈયાર થતું નથી. કોલેજના પ્રોફેસર સુપરવિઝનની કામગીરી કરતાં હોય છે. જો કોઈ કોલેજમાં પ્રોફેસર પાસે કોઈ કામ ન હોય તો પણ તેઓ વર્ગ નિરીક્ષક જેવી કામગીરી કરવા તૈયાર થતા નથી. આ સ્થિતિમાં સેમેસ્ટર ૬ની પરીક્ષામા કોલેજોએ વર્ગ નિરીક્ષક કયાંથી લેવવા તેની મુશ્કેલી ઊભી થઈ છે. આમ, વર્ગ નિરીક્ષક શોધવાની કવાયત વચ્ચે આજથી શરૂ થયેલી પરીક્ષા આગામી જૂન માસ સુધી ચાલશે.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તોના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**
**- સંપાદક**

# સગવડોના પ્રદેશમાંથી બહાર આવે એ જ વિકસી શકે




એક એક પળ ગુંથાઈને જીવનનું પોત ઘડાય છે. પ્રત્યેક પળનો પ્રમાણિકતાથી ઉપયોગ કરાય એની મજા છે. પળને પસાર કરવા માટે નથી. પળે પળમાં સાંગોપાંગ ઉતરીને જીવવું એ જ તો યોગ છે. જાપાન દેશમાં મહદંશે લોકો ઝેન ધર્મ પાળે છે. ઝેન ફિલોસોફીમાં વર્તમાનનુ મહત્વ અનેરુ દર્શાવ્યું છે. તમારી સામે જે ક્ષણ છે તે જ સત્ય છે અને તેમાં જ સંપૂર્ણ રીતે સમાઈ જવાનું ઝેન શાસ્ત્ર કહે છે. જે પળ પસાર થઈ ગઈ છે એ ઉત્તમ હતી કે ત્રાસદાયક હતી, તેની સાથે કોઈ લેવા-દેવા ન હોય. જે પળ ચાલી ગઈ છે, હાથમાં નથી તેની માટે સમય શા માટે આપવો? જે સમય આવવાનો છે તે સારો હશે કે ખરાબ એની કોઈને આગોતરી જાણ હોઈ શકે છે? એટલે ઝેન ગુરૂઓ કહે છે કે, જે પળ તમારા હાથમાં છે એજ સાચી વાત છે. તમારી પાસે અત્યારે જે ક્ષણ છે એ જ સત્ય છે. આ સરી જતી પળનો હું ઉપયોગ કરું. અને જો પળ વહી જશે તો એ પણ ભૂતકાળ બની જશે. એનો કોઈ ખપ નહીં રહે.

એક ભાઈને રજાના દિવસે પૂછ્યું : 'ક્યાં ચાલ્યા અત્યારે સવાર સવારમાં...?' તો કહે, ''રજામાં 'ટાઈમ પાસ' કરવા વાળ કપાવા જઈ રહ્યો છું.'' સમય એ પસાર કરવાનો મુદ્દો હરગીઝ છે જ નહી. સમયનો તો હંમેશ સદઉપયોગ કરવાનો છે. સામાન્ય રીતે મે-જૂન મહિનામાં કોઈપણ બાળકો પરીક્ષા પછી સમય પસાર કરવા કંઈક ને કંઈક પ્રવૃત્તિ ખોળી કાઢતા હોય છે. જ્યારે કોઈ એક પ્રવૃત્તિ થતી હોય એની સાથે સાથે સુસુપ્ત મનમાં અન્ય કોઈ બાબત ચાલતી હોવી જોઈએ.

ખાલી બેસી રહીને નિરર્થક રીતે સમયને માત્ર વહેવા ન દેવાય. સમયની સાથે તમે પણ વહેવા લાગો. જે પણ ચિત્તને રૂચે એ કરો પણ સતત અવિરત 'કંઈક' કરતા રહો. સ્ટીવ જોબ્સ ખુબ જાણીતુ નામ. 'એપલ'ના સંસ્થાપક. મેઘાવી વ્યક્તિત્વના માલિક. સ્ટીવ જ્યારે વિશ્વની બેસ્ટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા ત્યારે સાથે સાથે 'કેલીગ્રાફી' પણ શોખથી કરતા. કેલીગ્રાફી એટલે જુદા જુદા 'શેઈપ' અને 'સ્ટાઈલ'માં અક્ષરોનું લખાણ કરવું. આગળ જતાં સ્ટીવને તેમની કેલીગ્રાફીએ 'એપલ'ના 'ફોન્ટ'નું નવું વિશ્વ સર્જન કરવામાં ખૂબ મદદ કરી. કહેવાનું તાત્પર્ય એટલું જ કે, વર્તમાનમાં સામે ઊભેલી પળમાં કંઈક કરવું એટલે શિક્ષણ અને અભ્યાસ 'રિલેટેડ' જ કરવું એવો અર્થ નથી. સ્ટીવની કેલીગ્રાફીની પ્રવૃત્તિ એની કારકીર્દિ સાથે બિલકુલ સુસંગત ન હતી. મન અને લગનથી કરેલું કાર્ય કોઈ દિવસ નિરર્થક બનતું જ નથી.

સમય સાથે સતત પ્રતિપળ વિકસતા રહેવાની ચાવી હંમેશા કંઈક કરતાં રહેવામાં છે. બે મિત્રો અભ્યાસ પૂરો કર્યા પછી અલગ અલગ શહેરમાં નોકરી-વ્યવસાય માટે છૂટા પડ્યા. પાંચ-સાત વર્ષ પછી બન્ને એક હોટલના કોઈ બિઝનેસ મિટીંગમાં ભેગા થયા. એક મિત્રએ બીજા મિત્રને કહ્યું 'યાર, તું તો બિલકુલ નથી બદલાયો. જેવો કોલેજમાં હતો એવો જ લાગે છે.' પેલો મિત્ર ખુશ થઈ ગયો, કે વાહ, મારામાં કોઈ ચેન્જ નથી આવ્યો. ખરેખર તો આ એક ખતરનાક ટીપ્પણી છે. કોઈ બદલાવ ન આવવો એ તો 'એલામહ્લગ સિચ્યુએશન' કહેવાય. પાંચ-સાત વર્ષમાં તો આચાર-વિચાર, સંસ્કાર-સ્ટાઈલ તમામ બાબતોમાં સમુળગું પરિવર્તન દેખાવું જોઈએ. મહેસુસ થવું જોઈએ. જ્યાં પરિવર્તન નથી, બદલાવ નથી એ બંધીયાર પાણીની જેમ ગંધાઈ ઊઠે છે. જીવન તો નદીના વહેતા પાણીની જેમ પ્રતિપળ બદલાતું હોવું જોઈએ. એક-એક પળની પાળ કૂદતા કૂદતા નવા સીમાડા સર કરતા જવું જોઈએ.

પ્રત્યેક કામની સાથે બીજું કામ પણ જોડે જોડે ચાલતું રહે એ આદર્શ વાત છે. અભ્યાસની સાથે ચિત્રકામ, ઓફિસકામની સાથે કાવ્ય લેખન વગેરે. જ્યારે જ્યારે શિખવાની શુદ્ધ ભાવનાથી પ્રત્યેક પળનો સદઉપયોગ થાય ત્યારે ખોટું કામ થતું હોય તો તેમાંથી પણ કંઈક સારી વાત શીખવા મળે. પણ જો ખોટી ભાવનાથી અને શીખવાની તમન્ના વગર સારું કામ કરવામાં આવે તો પણ તેના વિનાશક પરિણામ જ મળે. હોલીવુડના પ્રસિદ્ધ કલાકાર ટોમ ક્રુઝને કોઈકે એક વાર પૂછ્યું કે, તમે નવરાશનો સમય કયો ટી.વી. પ્રોગ્રામ જોવામા કે રેડિયો પ્રોગ્રામ સાંભળવામાં પસાર કરે છો? ત્યારે ટોમે સરસ જવાબ આપેલો. 'હું કોઈ પણ પળે સમય પસાર કરતો નથી હુ હંમેશા પ્રત્યેક પળનો ઉપયોગ કરી લઉ છું. ટેવી જોવા કે રેડિયો પ્રોગ્રામ સાંભળવા કરતાં હું ઘરની બહાર ઊભો રહી લોકોને આવતાં-જતાં જોવામાં તેમને ઓબ્ઝર્વ કરવામાં પસાર કરવાનું વધુ પસંદ કરૂ છું. મને લોકોની વર્તણૂંક ઉપરથી ઘણું જાણવા મળે છે અને મારા એક્ટિંગના વ્યવસાય માટે પણ જાણે-અજાણે એમાંથી ભાથું મળી જાય છે.'

આપણા મનમાં જે બનવાની તમન્ના એ ક્યારેય ઘટવી ન જોઈએ. જેના માટે હદયમાં તડપ છે એ ક્યારેય ઓછી ન થવી જોઈએ. એવા લોકો નજર સામે હોવા જોઈએ કે, જે સફળ થઈ ચૂક્યા છે. તમે જેમના જેવા બનવાની તમન્ના મનોમન પાળી રહ્યા છો એને જૂઓ. અવસર મળે તો એમની સાથે વાત કરો. એનાથી નુકસાન તો કંઈ છે જ નહીં, બલ્કે ફાયદો છે. બે-ચાર સારી 'ટીપ્સ' મળી જાય. જીવનને કોઈ સાચો રાહ દેખાઈ જાય. કદાચ એ 'પળ' જીવનનો 'ટનહ્લગ પોઈન્ટ' બની જાય.

મુળ વાત તો એ છે કે, વિકસાવવાની આદત પડવી જોઈએ. આગલી પળે જે હતા તે અત્યારની પળે નથી, એવો જાગૃત અહેસાસ થાય એ અગત્યનું છે. ગઈકાલ કરતાં આજે બે ડગલાં આગળ ચાલ્યા છીએ એવો સંતોષ પ્રતિદિન થવો જોઈએ. પળે પળ કંઈક 'ચેલેન્જિંગ' હોવું જોઈએ. જીવનમાં સતત સુખ અને સવલત હોય તો એ બોરીંગ લાગે. ક્યાંક કોઈ સંઘર્ષ ન હોય, કોઈ તકલીફ ન પડે, માગો અને વિચારો એ ફટાફટ મળી જાય એવા 'કમ્ફર્ટ ઝોન' થોડા સમયમાં જ કંટાળાજનક અને પીડાદાયક લાગે.

પ્રતિભા જન્મે નહીં. પ્રતિભા તો કેળવાતી હોય છે. એક એક પળને ગમતા કાર્યોસાથે જોડીને જીવનને ઘડવુ પડે. માનવી માતાના ગર્ભથી માંડીને જીવનના છેલ્લા શ્વાસ સુધી કંઈક શીખવાની તમન્ના સાથે જીવતો હોય છે. પ્રતિભાનું ઘડતર એક એક પળને જોડીને થતું હોય છે. તત્વચિંતક રિચાર્ડ બેન્ડલર કહે છે કે, માણસની સૌથી મોટી વ્યક્તિગત મર્યાદા એ જે કરવા માગે છે અને નથી કરી શકતા એ નથી, પણ માણસ જે કરી શકે છે એ દિશામાં એણે વિચાર્યું નથી એ એની મોટી મર્યાદા છે. રોજે રોજ ભરપુર આનંદ સાથે જીવવા માટે પ્રત્યેક પળમાં કંઈક ને કંઈક ગમતી વાત કરતા રહેવી પડે. મોજથી જીવવા માટે કોઈની સૂચનાની ક્યાં જરૂર છે. કોઈપણ કામ કરવા માટે કે ટેવ બદલવા માટે કોઈ અકસ્માત કે માંદગીની રાહ શા માટે જોવી પડે? આપણી કોઈપણ ટેવ કે કોઈપણ ગમતી વાત કરવા માટે આપણી સામે ઊભેલી અને આપણા હાથમાં રહેલી આ પળ જ શ્રેષ્ઠ છે. કવિવર રવિન્દ્રનાથ ઠાકુરે સરસ વાત કરી હતી કે, માત્ર થોડા કલાકો જ જીવતું પતંગિયું સતત વર્તમાનમાં જીવતું હોય છે, એટલે જ એનું જીવન રંગીન અને સંગીતમય હોય છે.

દુનિયા ત્રણ પ્રકારના લોકોથી ભરેલી પડી છે. એક એવા લોકો છે જે વહી ગયેલી ક્ષણો ઉપર ખાડા ખોદતા હોય છે. બીજા આવનારા સમય ઉપર મિનાર ચણતા હોય છે આ બન્ને લોકો જીવનનો સાચો આનંદ ક્યારેય માણી શકતા નથી. જ્યારે ત્રીજા એવા લોકો હોય છે, જે હાથમાં રહેલી પળને ભરપૂર માણે છે, સજાવે છે, સવારે છે. એમનું જીવન ભર્યું ભર્યું રહે છે. આવા લોકો વર્તમાનની પ્રત્યેક પળમાં કશુંક કરતા રહે છે. એમને એ ખબર નથી હોતી કે, આ કાર્યનો કેટલો કેવો અને કેવી રીતે 'રીવોર્ડ' મળશે? પણ આવા લોકો વર્તમાનની પળને જીવી જાણે છે. પ્રત્યેક પળમાં જીવવા માટે મોટા-મોટા પ્રયાસોની ક્યાં જરૂર છે. માત્ર નાના-નાના પ્રયત્નો મોટા પરિણામો આપતા હોય છે. સગવડોના પ્રદેશમાંથી બહાર આવીને કશુંક કરનારા જ વિકસી શકે છે.

**ધબકાર**

જે વ્યક્તિના જીવનમાં ભવિષ્યના ભયનો ઓથાર નથી, ભૂતકાળનો ભાર નથી એ વર્તમાનની મોજ માણે છે.



## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**